તારીખ ૦૧-૦૧-૨૦૧૩ થી મોંઘવારી ભથ્થાના
દરમાં સુધારણા.

ગુજરાત સરકાર,
નાણાં વિભાગ,
ક્રમાંકઃ વલભ-૧૦૨૦૧૩-જીઓઆઇ-૦૨-ચ
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ-૨૩/૦૫/૨૦૧૩

વંચાણે લીધોઃ- (૧) નાણાં વિભાગનો તા.૨૭-૦૨-૨૦૦૯ નો સરકારી ઠરાવ નં.પગર-૧૦૦૯/૬/પે સેલ (મ)

(૨) ભારત સરકારનો તા.૨૫/૦૪/૨૦૧૩ નો ઓફિસ મેમોરેન્ડમ ક્ર.૧(૨)/૨૦૧૩-ઇ-II (બી)

## ઠ રા વ

નાણા વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૨ ના ઠરાવ ક્ર.વલભ-૧૦૨૦૧૨/જીઓઆઇ/૦૪/ચ થી કર્મચારીઓને ૭૨% મુજબ મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે. રાજય સરકારે સરકારી કર્મચારીઓને ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થાના માસિક દરમાં તા.૦૧/૦૧/૨૦૧૩ થી ૮% વધારો કરીને નીચે પ્રમાણે ચુકવવાનુ નક્કી કરેલ છે.

| ચૂકવવા પાત્ર તારીખ | ચૂકવવા પાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર. |
|---|---|
| તારીખઃ ૦૧-૦૧-૨૦૧૩ થી | મૂળ પગારના ૮૦% |

૨. આ હુકમો હેઠળ મોંઘવારી ભથ્થું વિનિયમિત કરતી વખતે નાણાં વિભાગના તા.૨૭/૦૨/૨૦૦૯ ના સરકારી ઠરાવ નં.પીજીઆર-૧૦૦૯/૬/પે સેલ (મ) ના ફકરા નં.૩ અને ૪ માં આપેલી જોગવાઇઓ અગાઉની જેમ જ લાગુ પડશે.

૩. મોઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચૂકવણી આખા રૂપિયા પ્રમાણે થશે. અને ૫૦ (પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણત્રીમાં લેવામાં આવશે નહીં.

૪. આ હુકમો હેઠળ ચૂકવવા પાત્ર થતો મોંઘવારી ભથ્થાનો વધારાનો હપ્તો તારીખઃ ૦૧/૦૧/૨૦૧૩ થી રોકડમાં ચૂકવવામાં આવશે.

૫. પેન્શનરોને આ તફાવતની રકમ રોકડમાં ચૂકવવાની રહેશે.

૬. એન.પી.પી.એ મેળવનાર કર્મચારી/અધિકારીઓને મોંઘવારી ભથ્થાના હાલના ૮% વધારાના લાભની ગણત્રી પગાર સુધારણા નિયમો-૨૦૦૯ મુજબ તથા નાણાં વિભાગ (પ.એ.) ના તા.૨૫/૬/૨૦૧૦ ના ઠરાવ ક્ર.નં.પીજીઆર-૧૦૦૯/૮/પે સેલ અને નાણાં વિભાગ (પ.એ.) ના તા.૧/૯/૨૦૧૦ ના ઠરાવ ક્ર.પીજીઆર-૧૦૧૦/૫૧/પે સેલ તથા તા.૨૨/૧૧/૨૦૧૧ ના ઠરાવ ક્ર.પીજીઆર-૧૦૧૧/૬૭/પે સેલ અને તા.૧૨/૦૪/૨૦૧૨ ના ઠરાવ ક્ર.પીજીઆર-૧૦૧૧/૭૦/પે સેલ મુજબ કરવાની રહેશે.

૭. આ હુકમો જેમના પ્રોવિડન્ટ ફંડ ખાતા રાજય સરકાર હસ્તક છે તેવા રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ, પંચાયત કર્મચારીઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન

શૈક્ષણિક કર્મચારી વર્ગ, સહાયક અનુદાન લેતી બિન-સરકારી શાળાઓના તમામ કર્મચારીઓને લાગુ પડશે.

૮. રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર મોંઘવારી ભથ્થામાં થતો આ વધારો જેમને મળવાપાત્ર થાય છે તેઓને આ ઠરાવની જોગવાઇ મુજબ મળવાપાત્ર થશે.

૯. ઉક્ત હુકમનો લાભ ઉચિત ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપરના અથવા બદલી પામેલ વ્યકિતઓને તેમજ કામ પૂરતા મહેકમના કર્મચારીઓને આપવામાં આવશે. તે જ પ્રમાણે પંચાયતો, સ્થાનિક સંસ્થાઓ અને નગરપાલિકાઓએ તેમના કર્મચારીઓને મંજૂર કરેલ મોંઘવારી ભથ્થાના કારણે અને બિન-સરકારી માધ્યમિક શાળાઓને તેમના શિક્ષકોને તેમજ તેજ પ્રમાણે સહાયક અનુદાન લેતી સંસ્થાઓને તેમના કર્મચારીઓને આપવાના થતા મોંઘવારી ભથ્થાના કારણે થતુ ખર્ચ આ હુકમોમાં નિયત કર્યા પ્રમાણે વિનિયમિત કરવામાં આવશે. આ હુકમોને કારણે થતું ખર્ચ એ શરતે અનુદાનને પાત્ર ગણવામાં આવશે કે, આ રીતે મંજૂર કરેલ મોંઘવારી ભથ્થાના તફાવતનો હિસ્સો રાજ્ય સરકારના સમકક્ષ કમર્ચારીઓને મળવાપાત્ર હિસ્સા કરતા વધારે ન થવો જોઇએ.

૧૦. આ હુકમો અખિલ ભારતીય સેવાના અધિકારીઓ (AIS) ને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી.

(એચ.ડી.સેઇલર)
નાયબ સચિવ,
નાણા વિભાગ,

પ્રતિ

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
માન.વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાધીનગર.

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ,
- રજીસ્ટ્રાર ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર. સચિવાલયના સર્વે વિભાગો,

એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧ ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ
એકાઉન્ટન્ટ જનરલ (A & E) ગુજરાત, પો.બો.નં. ૨૨૦, રાજકોટ-૩૬૦ ૦૦૧
એકાઉન્ટન્ટ જનરલ (A & E) ગુજરાત, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલ (ઓડિટ) ગુજરાત, એનેક્ષી બિલ્ડીંગ,પો.બો.નં. ૨૭, રાજકોટ/અમદાવાદ
સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/કલેક્ટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીઓ
પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ.
સર્વે જીલ્લા તિજોરી અધિકારીઓ/પેટા તિજોરી અધિકારીઓ.
પગાર અને હિસાબી અધિકારી, નર્મદા યોજના ગાંધીનગર/વડોદરા.
સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ, સ્થાનિક ભંડોળ હિસાબ, ડી.એ.ટી., ગાંધીનગર.
નિવાસી તપાસણી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ.
તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.
સર્વે માન્ય મંડળો (પંચાયત સેવાના એસોસિએશનો સહિત)
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ.

- પત્ર દ્વારા.